હિંમતનગરની સ્ટેટ બેંક સાત દિવસ માટે બંધ

કેશીયરને કોરોના થતા ૪૦ થી વધુ કર્મચારીઓને કોરોન્ટાઈન કરાયા : અનેક ખાતેદારોને બેંક બંધ રહેતા મુશ્કેલી વેઠવી પડશે

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લામાં દિનપ્રતિદિન કોરોના સંક્રમણને લીધે પોઝીટીવ કેસમાં ખાસ્સો વધારો થઈ રહ્યો છે. ત્યારે હિંમતનગરના સિવિલ સર્કલ નજીક આવેલ તથા જિલ્લાની મુખ્ય બ્રાન્ચ તરીકે ઓળખાતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં કેશીયર તરીકે ફરજ બજાવતા કર્મચારીને સંક્રમણને કારણે કોરોના પોઝીટીવના બે દિવસ અગાઉ લક્ષણો જણાયા બાદ સોમવારથી સાત દિવસ માટે બેંકનુ કામકાજ બંધ રાખવામાં આવ્યુ છે અને બેંકમાં ફરજ બજાવતા ૪૦ થી વધુ કર્મચારીઓને પણ હોમકોરોન્ટાઈન કરી દેવાયા છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જિલ્લાની મુખ્ય બ્રાન્ચ તરીકે ઓળખાતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળેથી આવતા ખાતેદારો રોજબરોજ નાણાંકીય વ્યવહાર કરે તે સ્વાભાવિક છે. દરમિયાન આ બેંકમાં કેશીયર તરીકે ફરજ બજાવતા એક કર્મચારીને બે દિવસ અગાઉ તબિયત અસ્વસ્થ થવાને કારણે તેમણે તબિબ પાસે ચેકઅપ કરાવ્યુ હતુ.

પ્રવર્તમાન સમયમાં જો કોઈ બિમાર પડે તો તરત જ તેનો કોરોનાનો સ્ટેટ કરવામાં આવે છે જે મુજબ સ્ટેટ બેંકના આ કેશીયરનો પણ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો જ્યાં આ કેશીયરને કોરોના પોઝીટીવના લક્ષણો જણાતા તેમને તરત જ સારવાર માટે ખસેડાયા હતા. દરમિયાન કોઈપણ કચેરી કે બેંક અથવા તો અન્ય સંસ્થામાં કોરોના પોઝીટીવનો કેસ પ્રકાશમાં આવે તો તરત જ સરકારની ગાઈડલાઈન મુજબ હોમ કોરોન્ટાઈન તથા કન્ટેઈનમેન્ટના નિયમ મુજબ સાવચેતીના પગલા લેવામાં આવે છે. જે આધારે ઉચ્ચકક્ષાએથી થયેલા આદેશ બાદ હિંમતનગરની સ્ટેટ બેકની આ મુખ્ય શાખાને સાત દિવસ માટે બંધ કરી દેવાનો નિર્ણય લેવાયો હતો જેને લીધે સોમવારે બેંકનું કામકાજ ચાલુ રહ્યુ ન હતુ.

આ ઉપરાંત સ્ટેટ બેંકની શાખામાં ફરજ બજાવતા અંદાજે ૧૩ ઓફિસરો સહિત ૪૦ કર્મચારીઓને હોમકોરોન્ટાઈન કરી દેવાયા છે. જેને લઈને રોજબરોજ સ્ટેટ બેંકમાં નાણાંકીય વ્યવહારો માટે આવતા ખાતેદારોને બેંક બંધ હોવાથી પાછા જવાનો વખત આવ્યો હતો.

લંપટ સાધુઓનો સાધુવેશ ઉતારી પાછા મોકલી દો

જૈન સમાજ દ્વારા જિલ્લા પોલીસવડા અને અધિક કલેક્ટરને આવેદનપત્ર અપાયુ

હિંમતનગર, તા. ૨૯

ઈડરના પાવાપુરી જૈન મંદિરમાં રહેતા બે સાધુઓની લંપટલીલા પ્રકાશમાં આવ્યા બાદ જૈન

અને અન્ય સમાજોમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. ત્યારે સોમવારે જૈન સમાજના કેટલાક અગ્રણીઓ તથા મહિલાઓએ જિલ્લા પોલીસવડા તથા અધિક કલેક્ટરને આવેદનપત્ર આપી એવી માંગ કરી છે કે આ બંને લંપટ સાધુઓનો વેશ ઉતારીને તેમને પાછા સંસારમાં મોકલી દેવા જોઈએ.

આ અંગેની વિગત એવી છે કે ઈડરના રાણી તળાવમાં આવેલ પાવાપુરી જૈન મંદિર આસ્થાના પ્રતિક તરીકે ઓળખાય છે. ત્યારે આ મંદિરના સંચાલન માટે અનેક દાતાઓ દાન આપે છે. જો કે આ મંદિરનો વહિવટ અનુષ્ઠાન તથા સેવાપૂજા માટે રહેતા બે સાધુઓ વર્ષોથી રહીને ધર્મના પ્રચાર પ્રસારની કામગીરી કરી રહ્યા છે.

દરમિયાન મંદિરના આ બે સાધુઓની કહેવાતી લંપટલીલા પ્રકાશમાં આવ્યા બાદ ગુજરાતનો જૈન સમાજ અજંપા સાથે ગ્લાનિ સાથે સાધુઓને શંકાની નજરે જોવા માડ્યો છે. હાલ તો આ જૈન મંદિરમાં ખાસ કરીને મહિલાઓ પણ દર્શન કરવા આવતા ખચકાટ અનુભવે છે. તો બીજી તરફ જૈન સમાજના કેટલાક અગ્રણીઓ તથા મહિલાઓએ સોમવારે સાથે મળીને અધિક કલેક્ટર તથા જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપીને બંને લંપટ સાધુઓ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ ઉચ્ચારી છે. જૈન મસાજનું કહેવુ છે કે ધર્મના નામે પાખંડી અને વાસના સંતોષવા માટે મંદિરમાં જ અધમકૃત્ય કરતા આ બંને લંપટ સાધુઓને તેમના ગુરૂઓએ સાધુવેશ ઉતરાવી દઈને પાછા સંસારમાં ધકેલી દેવા જોઈએ.

ભિલોડામાં સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા શહિદ વીર જવાનોને શ્રધ્ધાંજલી

ભિલોડામાં સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા શ્રી મુધણેશ્વર મહાદેવ મંદિર ચોકમાં શહિદ વીર જવાનોને શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા ઉદય સેવા સંસ્થાન, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ,યુવા સેવક દળ સહિત સામાજીક કાર્યકરો ધ્વારા શહિદ વીર જવાનોને શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો. લદ્દાખની ગલવાન ઘાટીમાં ચીન દેશની સેના ધ્વારા કાયરતાપુર્વક ભારતીય સેના પર હુમલો કર્યો હતો. ભારત દેશના ૨૦ જવાનો હિંસક અથડામણમાં વીરગતિ પામ્યા છે. શહિદ વીરોની આત્માની શાંતિ મળે તે હેતુથી સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા બે મીનીટ મૌન પાળી શહિદ વીરોના કલ્યાણ માટે પ્રાર્થના કરાઈ હતી.મીણબત્તી પ્રગટાવી, પુષ્પાંજલી અર્પણ કરાઈ હતી. ચાઈનીઝ ચીજવસ્તુઓનો બહિષ્કાર કરવો, સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવવા સંદર્ભે વિશેષ ભાર મુકાયો હતો.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં દારૂના ગુન્હામાં અટકાયત કરેલ

બે બુટલેગરોને કોરોના પોઝેટીવ આવતા પોલીસકર્મીઓમાં ભય

મોડાસા, તા. ૨૯

મોડાસા શહેર અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી એકાએક કોરોના પોઝીટીવ કેસોનો આંક સતત કુદકેને ભૂસકે વધી રહયો છે. મોડાસા શહેરમાં સતત બીજા દિવસે કોરોના કહેર યથાવત રહેતા મોડાસા પાલિકાના પૂર્વ નગરસેવક મનસુરભાઈ બેલીમ કોરોનાથી મોત નિપજતા અને સોમવારે મોડાસા શહેરમાં ૩ તાલુકામાં-૧ અને બાયડમાં કોરોનાનો કેસ નોંધાતા જીલ્લાવાસીઓમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં દારૂના ગુન્હામાં ધરપકડ કરવામાં આવેલા સર્વોદયનગર વિસ્તારના રામ અને શ્યામ નામના બે સગા ભાઈઓનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતાં બંને આરોપીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. આરોપીનો કોરોના પોઝિટિવ આવતા પોલીસ કર્મચારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. આ બંને દર્દીઓને સારવાર માટે મોડાસાની કોવીડ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આરોપીઓના સંપર્કમાં આવેલ પોલીસ કર્મીઓને કોરન્ટાઈન કરવા અને કોરોના રિપોર્ટ માટે સેમ્પલ લેવામાં આવશેની માહિતી પ્રાપ્ત થઈ હતી. આ અંગે ટાઉન પીઆઈ વાઘેલાનો ટેલિફોનિક સંપર્ક કરવાનો સતત પ્રયત્ન કર્યો હતો પરંતુ ફોન રિસીવ કરવાનું મુનાસીબ સમજ્યું ન હોતું.

પ્રાપ્ત સૂત્રોના જણાવ્યા અનુસાર,રાજ્યભરમાં કોરોના વાયરસે કેર મચાવ્યો છે. લૉકડાઉન અનલોક થતાની સાથે મોડાસા શહેર અને અરવલ્લી જીલ્લામાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. મોડાસા ટાઉન પોલીસ સર્વોદયનગર વિસ્તારમાંથી બે દિવસ અગાઉ દારૂના ગુન્હામાં સંડોવાયેલા રામ અને શ્યામ નામના બે સગા ભાઈઓની ધરપકડ કરી હતી. સરકારની ગાઈડલાઈન અનુસાર બંનેનો કોરોના રિપોર્ટ ટેસ્ટ કરાવતા તે પોઝિટિવ આવ્યો હતો. આરોપીનો કોરોના પોઝિટિવ આવતા જ પોલીસ કર્મચારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ કોરોનાનો ભય ફેલાયો છે. મોડાસા શહેરના સર્વોદયનગર વિસ્તારમાં રહેતા બે યુવાનો, જનકપાર્કમાં રહેતા ૭૧ વર્ષીય વૃદ્ધ, સરડોઈનો ૩૬ વર્ષીય યુવક અને બાયડ તાલુકાના ભુખેલ ગામનો ૩૨ વર્ષીય યુવક કોરોનાગ્રસ્ત બનતાં જીલ્લામાં કોરોનાનો આંક ૨૨૪ પર પહોંચતા લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

મોડાસાના ચાંદટેકરી વિસ્તારનાં ૧૨ લોકો કોરોનામાં સપડાયા હોવાની યાદી સોશિયલ મીડિયામાં ફરતી થતાં અનેક તર્ક-વિતર્ક

મોડાસામાં રોજેરોજ કોરોના પોઝીટીવ કેસોનો આંક વધી રહ્યો છે જે ચિંતાનો વિષય છે. આ રોગને નાથવા માટે આરોગ્યતંત્ર હવાતીયા મારી રહયું છે પણ કોરોના સંક્રમણને અટકાવવા તંત્ર નિષ્ફળ રહેતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરના પૈસાદાર લોકો કોરોનાની સારવાર માટે સ્થાનિક આરોગ્યતંત્ર પર ભરોશો ન હોવાથી અમદાવાદ, ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. ત્યારે શહેરના ચાંદટેકરી વિસ્તારમાં ૧૨ લોકો કોરોનાગ્રસ્ત બન્યા હોવાની તમામ દર્દીઓની નામજોગ યાદી સોશ્યલ મીડિયામાં ફરતી થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે, બીજી બાજુ આ અંગે આરોગ્યતંત્ર દ્વારા ચાંદટેકરી વિસ્તારમાં ૪ લોકોને કોરોના પોઝીટીવ હોવાનું જણાવ્યું હતું અને હાલ ચાંદટેકરી વિસ્તારને કન્ટેન્ટમેન્ટ કરવા અને સર્વને કામગીરી હાથ ધરાવાં આવી રહી હોવાનું જણાવ્યું હતું.

પેટ્રોલ-ડીઝલમાં ભાવવધારા સામે અરવલ્લી કોંગ્રેસ આક્રમક બની

મોડાસા ચાર રસ્તા પર જોરશોરથી વિરોધ પ્રદર્શન કર્યું, ત્રણ ધારાસભ્યો સહીત ૧૫ની અટકાયત

અરવલ્લી જીલ્લામાં કોંગ્રેસ સમિતિ દ્વારા સિવિલ હોસ્પિટલ નિર્માણની માંગ અને પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત થઈ રહેલો ભાવ વધારો, મોંઘવારીએ માજા મુકતા પ્રજાના પ્રશ્નોને વાચા આપવા વિવિધ રીતે વિરોધ પ્રદર્શન કરી રહી છે. ત્યારે મોડાસા શહેરમાં ચાર રસ્તા ખાતે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આક્રમક વિરોધ નોંધાવી સૂત્રોચ્ચાર કરી ધરણા પર બેસતા સતત વાહનોથી ધમધમતા રોડ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. મોડાસા ટાઉન પોલીસે કોંગ્રેસના ત્રણે ધારાસભ્યો, અગ્રણી આગેવાનો સહીત ૧૫ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી.

મોડાસા ચાર રસ્તા ખાતે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા અને મોંઘવારી વિરુધ્ધ પ્રદર્શન યોજી મુખ્યમાર્ગ ઉપર ફરી કાર્યક્રમ આપી ભાજપ સરકારની નીતિ સામે આક્ષેપો કરી જણાવેલ કે ભાજપની કેન્દ્ર સરકાર દ્વારા અને રાજ્ય સરકારના શાસનમાં કેન્દ્ર અને રાજ્યમાં પેટ્રોલ-ડિઝલ અને રાંધણગેસ સહિત જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં સતત વધારો કરાઈ રહ્યો છે. લોકડાઉનના પગલે ધંધા રોજગાર બંધ રહેવાથી ગરીબ અને મધ્યમવર્ગ અસહય મોંઘવારીના બોજા હેઠળ ભારે હાલાકી ભોગવી રહ્યા છે, ત્યારે જ છેલ્લા ૧૫ દિવસ દરમિયાન ભાજપની સરકારે પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારો ઝીંકી દેતા સામાન્ય માણસની કમર તોડી નાખી છે. ડિઝલના ભાવ વધતા ટ્રાન્સપોર્ટ મોંઘુ થતાં જીવનજરૂરિયાતની તમામ

વસ્તુઓના ભાવો આસમાને પહોંચ્યા છે. કોંગ્રેસે વધુમાં જણાવ્યું કે કોરોના મહામારીના સમયમાં પ્રજા મુશકેલીમાં હોય ત્યારે સરકાર દ્વારા મદદ કરવાની થતી હોય છે પરંતુ મુંગેરીલાલના સપના જેવું રાહત પેકેજ જાહેર કરી લોકોની વેદનામાં વધારો કરવાનું કૃત્ય કર્યું છે અને સાથોસાથ પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારાની સાથોસાથ જીવનજરૂરિયાતની ચીજ વસ્તુઓમાં પણ સખત ભાવ વધારો કરી મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને મોંઘવારીના બોજા હેઠળ ધકેલી દેવામાં આવ્યા છે. પરિણામે સામાન્ય વર્ગ ભારે હાલાકી ભોગવી રહ્યો છે. પેટ્રોલ પેદાશમાં આંતરરાષ્ટ્રીયસ્તરે સતત ઘટાડો થઈ રહ્યો હોવા છતાં સેન્સ અને જીએસટીમાં સતત વધારો કરી ત્રણ ગણા ભાવથી પેટ્રોલ વહેંચી લોકોની યાતનામાં વધારો કરવાનું કામ ભાજપ સરકારી કર્યું છે જેને કોંગ્રેસ દ્વારા વખોડી કઢાઈ છે.

ફતેહગંજના પીઆઈ ડી બી ગોહિલની રાતોરાત બદલીથી અનેક તર્ક-વિતર્ક

વડોદરા,તા.૨૯

વડોદરા ફતેહગંજ પોલીસ સ્ટેશનના પીઆઈ ડી બી ગોહિલની રાતોરાત બદલી કરી નાખવામાં આવી છે. તેલંગણાના વૃદ્ધનો કાંડ નડ્યો. વૃદ્ધ શેખ બાબુને પોલીસ સ્ટેશન લઈ ગયા બાદ ૬ મહિનાથી કોઈ પત્તો નથી. ફતેહગંજ પોલીસ સ્ટેશન ના નવા પીઆઈ તરીકે વિરેન્દ્ર ખેરની નિમણૂંક કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ પોલીસ કમિશનરે પીઆઈ ગોહિલની ટ્રાફીકમાં બદલી કરી નાખી છે. ડી સ્ટાફમાં ફરજ બજાવતા હેકો. મહેશ રાઠવાની પણ બદલી કરી છે. બે લોકરક્ષક રાજેશ અને યોગેન્દ્ર ચૌહાણની હેડ ક્વાર્ટરમાં બદલી કરવામાં આવી છે. ફતેહગંજ પોલીસ સ્ટેશન ના નવા પીઆઈ તરીકે વિરેન્દ્ર ખેરની નિમણૂંક કરવામાં આવી છે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અંબાજી મંદિરે પહોંચી મા અંબાના દર્શન કર્યા

અંબાજી, તા. ૨૯

લોકકડાઉન ખુલ્યા બાદ અનલોકમાં સુપ્રસિદ્ધ અંબાજી મંદિરમાં દર્શનાર્થીઓ માટે મંદિરના દ્વાર ખુલ્લા મુકાતા યાત્રિકો



સહિત મહાનુભવો પણ મા અંબાના દર્શને અંબાજી પહોંચી રહ્યા છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી અંબાજી આવ્યા બાદ આજે વધુ બે મંત્રીઓ અંબાજી દર્શને પહોંચ્યા હતા. ગુજરાતના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ધારાસભ્ય શાહ સહિત અંબાજી મંદિરે પહોંચી લોકકડાઉન બાદ પ્રથમ વખત મા અંબાના દર્શનનો લાભ લીધો હતો. જોકે હાલમાં ગર્ભગૃહમાં વિઆઈપી દર્શન બંધ હોવાથી રાજ્યમંત્રી સહીત ધારાસભ્યોએ અન્ય યાત્રિકોની જેમ જ બહારથી દર્શન કર્યા હતા સાથે માતાજીની ગાદી ઉપર જઈને ભટ્ટજી મહારાજ પાસે રક્ષા પોટલી બંધાવી આશીર્વાદ મેળવ્યા હતા અને દેશભરમાંથી કોરોના વાયરસ દૂર થાય તેવી પણ માતાજીને પ્રાર્થના કરી હતી. એટલું જ નહી ગુજરાતમાં શિક્ષણ રાબેતા મુજબ ક્યારે થશે તેવા સવાલ સામે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે અમે શિક્ષણવિદો, મનોચિકિત્સકો તેમજ આરોગ્ય વિભાગ સાથે ચર્ચાઓ કરીને સંતોષપૂર્વક નિર્ણય આવશે ત્યારે રાજ્યનું શિક્ષણ રાબેતા મુજબ થશે તેમ જણાવ્યું હતું.

મહેસાણા માહિતી ખાતાના અધિકારી દિપકભાઈ પંડ્યાની ગાંધીનગર ખાતે બદલી વિદાય સમારંભ યોજાયો

મહેસાણા, તા. ૨૯

જિલ્લા માહિતી કચેરી મહેસાણાના સહાયક માહિતી નિયામક દિપકભાઈ પંડ્યા જેઓ ફેબ્રુઆરીથી મહેસાણા માહિતી નાયબ નિયામક કચેરીમાં બઢતી સાથે પોતાની ફરજમાં જોડાયા હતા. તેમને ટુંક જ સમયમાં મહેસાણા માહિતી કચેરીના કર્મચારીઓને પોતાના પરિવારની જેમ આવકારી સ્નેહ આપ્યો છે. ત્યારબાદ તેઓની ગાંધીનગર માહિતી નિયામક કચેરીમાં ખાતે બદલી થતા જિલ્લા માહિતી કચેરી સ્ટાફ દ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. સહાયક માહિતી નિયામક દિપકભાઈ પંડ્યાની તેમની કામગીરીને બિરદાવી હતી. જિલ્લા માહિતી કચેરીના સ્ટાફ મિત્રોએ તેમને શાલ ઓઢાડીને સન્માન કર્યું. કર્મયોગી દિપકભાઈ પંડ્યાએ

મહેસાણા માહિતી કચેરી ખાતેના સ્ટાફ દ્વારા મળતો સહકાર અને માહિતી કર્મયોગીની કામગીરી માટે આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે નાયબ માહિતી નિયામક આર.આર. તુરી સહિત માહિતી કચેરીની મહેસાણાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જોડવા વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર દ્વારા એજ્યુકેશનલ સ્ટુડીયો શરૂ કરાયો

પાલનપુર, તા. ૨૯

કોરોના વાયરસને કારણે દેશભરની શૈક્ષણિક સંસ્થાઓ બંધ છે. જેના કારણે મોટા ભાગના વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહ્યા છે, ત્યારે વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા

વિદ્યામંદિરના વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જોડવાના હેતુથી તા. ૨૮ જૂન, ૨૦૨૦ના રોજ 'વિદ્યામંદિર એજ્યુકેશનલ સ્ટુડિયો' શરૂ કરવામાં આવ્યો છે.

ડિઝીટલ પેનલ, ક્રોમા, મિરર એક્સેસરીઝ, રેન્ડરમેન, એડિટિંગ સોફ્ટવેર જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ત્રણ સ્ટુડિયોનું ઉદ્ઘાટન વિદ્યામંદિર કેમ્પસ ખાતે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરના ડાયરેક્ટર ડૉ. ટી.એસ. જોષીના હસ્તે કરવામાં આવ્યું હતું. સ્ટુડીયોના ઉદ્ઘાટક ડૉ. ટી.એસ. જોષીએ જણાવ્યું કે કૉવિડ-૧૯ જેવી વૈશ્વિક મહામારી દરમિયાન શાળાઓ બંધ છે ત્યારે સમય સાથે પરિવર્તન કરી વિદ્યાર્થીઓ માટે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સ્ટુડિયોનું નિર્માણ કરવાની પહેલ કરવા બદલ વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુરના દ્રષ્ટિવાન ટ્રસ્ટીઓ અને સંસ્થાના તમામ સભ્યોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. તેમણે કહ્યું કે દુનિયામાં અનેક લોકો નવી બાબતની પહેલ કરવાનું વિચારે છે પરંતુ જે તેનું અમલીકરણ કરે છે એ જ દુનિયામાં આગળ વધી શકે છે અને જ્યારે વિદ્યામંદિરે આ પહેલ કરી છે ત્યારે આ સુવિધાનો વિદ્યાર્થીઓ મહત્તમ લાભ ઉઠાવી પોતાના જ્ઞાનમાં વધારો કરી શકે છે.

વિદ્યામંદિર પાલનપુરના આ એજ્યુકેશનલ સ્ટુડિયોમાં પરંપરાગત શિક્ષણ, ડિઝીટલ શિક્ષણ, ઈન્ટરેક્ટિવ એજ્યુકેશન અને હોમ લર્નિંગ જેવી વિવિધ શૈક્ષણિક પદ્ધતિઓને જોડીને 'બ્લેન્ડેડ લર્નિંગ'ની કલ્પના સાથે શિક્ષણ આપવામાં આવશે. બ્લેન્ડેડ લર્નિંગ એજ્યુકેશનની યાત્રામાં વિદ્યામંદિરનું આ પહેલું પગલું છે.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી નરેન્દ્રસિંહ ચાવડા અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ. એમ.જે. નોગસ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યામંદિર ટ્રસ્ટના નિયામક ડૉ. હસમુખ મોદીએ આમંત્રિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી 'વિદ્યામંદિર એજ્યુકેશનલ સ્ટુડિયો' વિશે માહિતી આપી હતી.

આ ઉદ્ઘાટન કાર્યક્રમનું વિદ્યામંદિરની યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન પ્રસારણ કરવામાં આવતા આશરે ૨૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ, તેમના માતાપિતા, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અન્ય લોકોએ આ કાર્યક્રમ નિહાળ્યો હતો.